# શાકભાજીના વેસ્ટમાંથી કુદરતી ખાતર કરવાનો મનપાનો અનોખો પ્રોજેક્ટ


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૨૪ના શાકમાર્કેટમાંથી નીકળતા શાકભાજીના કચરા અને છાણમાંથી કુદરતી ખાતર તૈયાર કરવા માટે શાકમાર્કેટની પાછળ જ એક સાઈટ તૈયાર કરવામાં આવે છે. આ કુદરતી ખાતરનું વેચાણ ખેડતોને કરવામાં આવે છે.

રાસાયણિક ખાતરના બદલે કુદરતી ખાતર વાપરવામાં આવે તો પાક ઉત્પાદનને ખુબ ફાયદો થાય છે. વળી તેનાથી જમીન પણ ફળદ્રુપ બને છે. શાકભાજીના કચરામાંથી કુદરતી ખાતર બનાવવાનો પ્રોજેક્ટ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને શરૂ કર્યો છે. સેક્ટર-૨૪ શાકમાર્કેટની પાછળની ખુલ્લી જગ્યામાં ૩૫ થી ૪૦ જેટલા ખાડા ખોદવામાં આવ્યા છે. આ ખાડામાં કોર્પોરેશન દ્વારા કાપવામાં આવતા વૃક્ષોની ડાળીઓ તેમજ શાકમાર્કેટમાંથી એકત્ર કરવામાં આવેલી શાકભાજીનો વેસ્ટ ખાડામાં નાંખવામાં આવે છે. દરેક ખાડામાં પાણી, સુકા પાંદડાનો કચરો, બગડેલા શાકભાજી, દેશી છાણીયુ ખાતર, બેક્ટેરીયા, ગોળ, છાશ વગેરેનું લેયર બનાવવામાં આવે છે. ૪ ફૂટ ઊંચાઈ ધરાવતુ આવુ લેયર બનાવી આ ખાડાઓને છાણથી ઢાંકી દેવામાં આવે છે. દિવસમાં ત્રણવાર તે ખાડાઓ પર પાણીનો છંટકાવ કરી કચરાને કોહવાય તે માટે છોડી દેવામાં આવે છે. ૬૦ દિવસ સુધી આ પ્રક્રિયા કર્યા બાદ છાણવાળા પડને પાવડાથી ઉલેચવામાં આવે છે. ૯૦ દિવસ બાદ ખાતર તૈયાર થાય છે. આ કામગીરી થોડાક મહિનાઓથી કરવામાં આવી રહી છે. કચરામાં આવતા પ્લાસ્ટીક અને થર્મોકોલને અલગ તારવી આ ખાતર બનાવવામાં આવે છે. આ રીતે તૈયાર થયેલુ ખાતર ખેડૂતોને વેચી સજીવ ખેતીને પ્રોત્સાહન આપવુ તેવી યોજના છે. આગામી દિવસોમાં ખાતરનું વધુ ઉત્પાદન કરી તેનું વેચાણ કરવાની યોજના કોર્પોરેશન કરી રહ્યું છે.

# સે. ૨૧ શોપિંગમાં ફૂવારા હટાવી પાર્કીંગ બનાવાશે

## ફૂવારાને શરૂ કરવા ૨.૫૦ કરોડનો ખર્ચ થાય : નિષ્ણાંતો જાળવણીનુ કામ મુશ્કેલ : આખરે બંધ ફૂવારા દૂર થશે


(તસવીર : ધનંજય જોષી)

ગાંધીનગર, તા. ૧૨

સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાંથી વર્ષોથી બંધ ફૂવારા દૂર કરી આ સ્થળે પાર્કીંગ પ્લેસનું નિર્માણ કરવામાં આવશે. બંધ ફૂવારા પુનઃ શરૂ કરવા પાછળ રૂ. ૨.૫૦ કરોડનો તોતિંગ ખર્ચ થાય તેમ છે. જ્યારે આ ફાઉન્ટેનની જાળવણીનુ કામ પણ મુશ્કેલ છે. જેના પરિણામે આ ફૂવારા આખરે દૂર કરી પાર્કીંગ બનાવવાનું ટૂંકમાં કામ હાથ ધરાશે.

સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં દાયકા પૂર્વે ફૂવારા બનાવવામાં આવ્યા હતા. જેના લીધે શોપીંગ વિસ્તારમાં રંગબેરંગી ફૂવારાથી રોનક નિખરી હતી. પરંતુ ફૂવારાની યોગ્ય જાળવણી ન થતા ટુંકાગાળામાં જ ફાઉન્ટેન બંધ થઈ ગયા હતા. અનેક રજૂઆતોના અંતે પણ તંત્ર કક્ષાએથી કોઈ પગલા ન લેવાતા બંધ ફાઉન્ટેનની જગ્યાએ ગંદકી અસ્તિત્વમાં આવી હતી. જ્યારે શોપીંગ વિસ્તારમાં વધતી મુલાકાતીઓની સંખ્યાની સાથે બંધ ફૂવારા આડશરૂપ બન્યા હોવાનુ ચિત્ર ઉપસી આવ્યું હતું. જાળવણીના અભાવે કંગાળ ભાસતા ફાઉન્ટેનની કીંમતી સામગ્રી પણ તસ્કરો ઉઠાવી ગયા હોવાનું સ્પષ્ટ થયું છે. વર્ષોથી બંધ ફૂવારાને શરૂ કરવા માટે ફાઉન્ટેન નિષ્ણાંતો દ્વારા અભ્યાસ હાથ ધરાયો હતો. જેના અંતે આ ફૂવારા શરૂ કરવા પાછળ રૂ. ૨.૫૦ કરોડનો ખર્ચ થાય તેમ હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ઉપરાંત ખર્ચના અંતે પણ તેની જાળવણીનું કામ મુશ્કેલ હોવાનો પણ મત ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં કેટલાક વેપારીઓમાં પણ આ ફૂવારા દૂર કરાવી લેવાય તેવી લાગણી પ્રવર્તી હતી. નિષ્ણાંતોના અભિપ્રાય બાદ આ ફૂવારા દૂર હટાવી આ સ્થળે પાર્કીંગ પ્લેસ બનાવવા નિર્ણય લેવાયો છે. પાર્કીંગના કામ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ શરૂ પણ કરી દેવાશે.

# હવે સેન્ટ્રલ વર્જમાં પણ સફાઈની કામગીરી

## સેન્ટ્રલ વર્જ અને વન આરક્ષિત જગ્યામાં સફાઈ માટે ટીમો કામે લાગી

ગાંધીનગર, તા. ૧૨

વાઈબ્રન્ટ સમિટને પગલે નગરમાં સ્વચ્છતા અને દબાણ હટાવની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મુખ્ય માર્ગોની સફાઈ અને સેન્ટ્રલવર્જને કલરકામની સાથે હવે વન વિભાગ દ્વારા સફાઈ માટે મુખ્ય માર્ગો પર ટીમો ઉતારી દેવાઈ છે. સેન્ટ્રલ વર્જ તેમજ માર્ગ આસપાસની આરક્ષિત જગ્યામાંથી કચરો ઉલેચવા અભિયાન શરૂ કરી દેવાયું છે.


(તસવીર : દિપક જાની)

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને છેલ્લા એક મહીનાથી વિવિધ કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે. સ્વચ્છતા, દબાણ ઉપરાંત બ્યુટીફીકેશનના કામો યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યા છે. મુખ્ય માર્ગોની સફાઈ અને જરૂરી રંગરોગાન તેમજ સર્કલોને વિકસાવવાની કામગીરી તેજ બનાવી દેવાઈ છે. વન વિભાગ દ્વારા દબાણો દૂર કરાવ્યા બાદ હાલ નગરના મુખ્ય માર્ગો પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં સફાઈ ઝુંબેશ શરૂ કરી દેવાઈ છે. સેન્ટ્રલ વર્જ તેમજ માર્ગોની આસપાસ વન વિભાગની આરક્ષિત જગ્યામાંથી પણ કચરો ઉલેચવા ટીમો કામે લાગી છે. મુખ્યમાર્ગોની સાથે વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જ પણ આકર્ષક લાગે તે માટે વૃક્ષોનું ટ્રીમીંગ પણ શરૂ કરી દેવાયું છે. આસપાસની જગ્યામાં ઉગી નીકળેલુ ઘાસ પણ દૂર કરવામાં આવી રહ્યું છે.

# રાજ્યભરમાં કપાસના મુદ્દે ખેડૂતોના દેખાવો

ગાંધીનગર, તા. ૧૨

કપાસના ટેકાના ભાવ આપવાની માંગણી સાથે ખેડૂતોએ શરૂ કરેલા આંદોલનનો પડઘો કૃષિ કલ્યાણ મેળામાં જોવા મળી રહ્યો છે અને સરકારી કાર્યક્રમોમાં ખેડૂતોના વિરોધનો સરકારે સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાતમાં કપાસ પકવતા ખેડૂતોને કપાસના પુરતા ભાવ ન મળતા ખેડૂતોને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. આ મુશ્કેલીમાંથી ખેડૂતોને બચાવવા અને કપાસના ટેકાના ભાવે ખરીદી કરવાની માંગણી ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવી રહી છે.

કપાસના ટેકાના ભાવે ખરીદી કરવા અને સબસીડી આપવાની માંગણી સાથે ભારતીય કિસાન સંઘ દ્વારા ગુજરાતમાં આંદોલાત્મક કાર્યક્રમો આપવામાં આવ્યા છે. જેના ભાગરૂપે કેટલાક તાલુકાઓમાં ખેડૂતો દ્વારા સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરીને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં હાલમાં રાજ્ય સરકાર દ્વારા કૃષિ કલ્યાણ મેળાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અંતર્ગત આજે ધંધુકા તાલુકામાં યોજાયેલા કૃષિ કલ્યાણ મેળાના કાર્યક્રમ દરમ્યાન ખેડૂતો દ્વારા સરકાર સામે વિરોધ પ્રદર્શીત કરવામાં આવતા વિરોધ કરી રહેલા ૧૬ ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી.

# જીએસટી અમલીકરણમાં આવક રક્ષણ મામલે જોરદાર રજૂઆત

## નાણાપ્રધાનોની એમ્પાવર્ડ કમિટિની બેઠકમાં ગુજરાતના નાણામંત્રી સૌરભ પટેલની હાજરી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના નાણામંત્રી સૌરભ પટેલે આજે નવી દિલ્હી ખાતે વિવિધ રાજ્યના નાણામંત્રીઓની સૂચિત નેશનલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના સંદર્ભે યોજાયેલી એમ્પાવર્ડ કમિટિની બેઠકમાં હાજરી આપી હતી અને આ વિષય અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી, જેમાં વિવિધ રાજ્યોએ કેન્દ્રીય નાણાપ્રધાન અરુણ જેટલી સમક્ષ મંતવ્યો રજૂ કર્યા હતા. આ બેઠક પૂર્ણ કર્યા બાદ ગુજરાતના નાણામંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, જેટલીએ ટેક્સની આ નવીન પ્રણાલી કાર્યરત કરતા સમયે દરેક રાજ્યોને અસર કરતા પરિબળોને ધ્યાને રાખવાની ખાતરી આપી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, માલ-સામાનના આંતર-રાજ્ય પરિવહન પરનો કર એ આઈ-જીએસટી ટેક્સ છે. પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય નાણામંત્રી સાથેની બેઠક દરમિયાન ગુજરાત સરકાર દ્વારા રાજ્યની નિશ્ચિત મહેસુલી આવકના રક્ષણ બાબતે વ્યક્ત કરાયેલી ચિંતા અંગે કાળજી લેવામાં આવશે તેવી પણ તેમણે ખાતરી આપી હતી. પટેલે એમ્પાવર્ડ કમિટિને જણાવ્યું હતું કે, જીએસટીના અમલીકરણને કારણએ રાજ્યની મહેસુલી આવકમાં જે નુકસાન થાય છે તે અંગે પણ ધ્યાન આપવું જોઈએ. ગુજરાતના નાણામંત્રીએ જણાવ્યું હતું કે, જીએસટીનું અમલીકરણ હવે સરળ બનશે. અને તેમણે જેટલીને ખાતરી આપી હતી કે, દેશના હિતને ધ્યાને રાખીને ગુજરાત આ નવી કર પ્રમાલીના અમલીકરણમાં પૂર્ણ સહયોગ આપશે.

# ગાંધીનગરના સંત સંમેલનમાં કેન્દ્રીયમંત્રી નિરંજન જ્યોતિ પણ હાજરી આપશે

ગાંધીનગર, તા. ૧૨

રામજાદા અને હરામજાદાના વિધાનોથી ઘેરા વિવાદમાં સપડાયેલા કેન્દ્રીય મંત્રી નિરંજન જ્યોતિ



ગાંધીનગરમાં યોજાનારા સંત પ્રવચનના કાર્યક્રમમાં હાજરી આપશે. સે. ૧૧ રામકથા મેદાન ખાતે તા. ૧૩ થી ૧૫ દરમિયાન યોજાનારા ત્રિદિવસીય સંત પ્રવચનના કાર્યક્રમ દરમિયાન સાધ્વી ઋતુંભરાજી સહીત ૨૧ જેટલા સંતો પોતાનું વક્તવ્ય આપવાના છે. જેમાં કાનપુર મુસાનગરના સાધ્વી તેમજ કેન્દ્રીય મંત્રી નિરંજન જ્યોતિ પણ પ્રવચન આપશે.

# ઘ-૪ સર્કલ આસપાસ સ્થિત ટ્રાફીક આઈલેન્ડમાં રંગબેરંગી ફૂલો નિખરશે

## ફૂલોની સુંદરતા જળવાઈ રહે તે માટે ચેઈન-લીંક જાળી લગાવાશે


(તસવીર : ધનંજય જોષી)

ગાંધીનગર, તા.૧૨

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં ટ્રાફીકને ડાયવર્ટ કરવા નિર્માણ કરાયેલા આઈલેન્માં રંગબેરંગી ફૂલો નિખરશે. બાગાયત વિભાગ દ્વારા આ જગ્યાએ પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે જયારે ફૂલોની સુંદરતા જળવાઈ રહે તે માટે આઈલેન્ડ ફરતે ચેઈન-લીંક જાળી લગાવાશે.



શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કનું કામ હાથ ધરાયા બાદ વિશાળ ઘ-૪ સર્કલ આસપાસ રોજબરોજ ટ્રાફીકને લગતી સમસ્યા પેચીદી બની હતી. વાહનચાલકો રોંગ સાઈડમાં જતા વારંવાર ટ્રાફીક જામના દશ્યો સર્જાતા હતા જયારે ટ્રાફીકની સમસ્યા નિવારવા તંત્ર દ્વારા સર્કલની બંને બાજુએ ટ્રાફીક આઈલેન્ડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ ટ્રાફીક આઈલેન્ડમાં હાલ પ્લાન્ટેશન કરવામાં આવી રહ્યું છે. આગામી વાયબ્રન્ટ સમિટને ધ્યાને લઈ નગરમાં રંગરોગાન અને બ્યુટીફીકેશનના અનેક કામો હાથ ધરવામાં આવ્યા છે જયારે મહાત્મા મંદિરના રૂટમાં સ્વર્ણિમ પાર્કની વચાળે સ્થિત ઘ-૪ સર્કલ આસપાસના આ આઈલેન્ડ પણ આકર્ષક બને તેવા આશયથી આ ઠેકાણે બાગાયત તંત્ર દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવી રહ્યું છે. જેના અંતે ટૂંકમાં જ આઈલેન્ડમાં રંગબેરંગી ફૂલોની રોનક જોવા મળશે. ફૂલોની સુંદરતા જળવાઈ રહે તે માટે આઈલેન્ડ ફરતે ચેઈન-લીંક જાળી પણ ફીટ કરવામાં આવશે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાના નિર્ણયને આવકાર

અમદાવાદ, તા.૧૨

પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ આર.સી.ફળદુએ સંયુકત રાષ્ટ્ર દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાના નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે રાજયના સપૂત અને દેશના વદાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર વિશ્વ સમક્ષ ભારતીય સંસ્કૃતિની ઓળખ સમાન યોગનું મહત્વ જીવનમાં સ્વીકારવાની હિમા.ત કરી હતી.જેને વિશ્વના ૧૭૫ દેશોનું સમર્થન પ્રાપ્ત થયું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૈશ્વિક ફલક પર સ્વીકૃતિ અને આદરનું પ્રતિબિંબ છે. આર.સી.ફળદુએ ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતના પ્રજાજનો વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લાખ-લાખ અભિનંદન પાઠવતા જણાવ્યુ હતું કે નરેન્દ્ર મોદીએ હર હંમેશા સૌનુ ભલુ ઈચ્છયુ છે. ૧૩ વર્ષ સુધી ગુજરાતમાં અને છેલ્લા છ મહિનાથી વિકાસના માર્ગે લઈ જવા મથામણ કરી છે માત્ર દેશ જ નહીં ભારતીય સંસ્કૃતિ અને આપણી પરંપરા મુજબ સર્વજન હિતાય, સર્વજન સુખાય ઉક્તિને સાર્થક કરતાં માનવજાત માટે કલ્યાણકારી યોગનું મહત્વ અને જરૂરીયાત સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ કરી વિશ્વ કલ્યાણકારી યોગના મહત્વને વિશ્વના ૧૭૫ દેશોએ સમર્થન આપતા સંયુકત રાષ્ટ્ર મહાસંઘ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે છેલ્લા છ મહિનામાં જુદા જુદા દેશોના વડાપ્રધાનના પ્રવાસ અને અન્ય દેશોના રાજદ્વારીઓના ભારત પ્રવાસ દરમિયાન દેશની એક અલગ ઓળખ ઉભી થઈ છે.

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **બબાભાઈ શિવાભાઈ પરમાર**, ગામ : સદુથલા, તા. વિસનગર (નિવૃત્ત આચાર્યશ્રી, દઢિયાળ પ્રા. શાળા) તા. ૯/૧૨/૨૦૧૪ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૪/૧૨/૨૦૧૪ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : એ-૩૦, નંદનવન બંગ્લોઝ, સત્યમેવ હોસ્પિટલની સામે, કલોલ હાઈવે, ચાંદખેડા. મો. : ૯૪૨૭૫ ૧૯૯૦૮**

લિ.

**સંજયકુમાર બબાભાઈ પરમાર** (પુત્ર)

નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી, ગાંધીનગર

**તથા સમગ્ર પરમાર પરિવાર**

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૭૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com